ગાંધીનગરમાં બીલ વગર જ ઓટો સ્પેરપાર્ટ્સનો ધીકતો ધંધો

ઘણા વેપારીઓએ તો ટીન નંબર જ નથી લીધો : ગ્રાહક બીલ માંગે તો ચબરખી લખીને પકડાવી દેવાય છે : પાર્ટ્સમાં ખામી હોય ત્યારે ગ્રાહકને વોરંટીનો પણ લાભ મળતો નથી અને ફરિયાદ પણ નથી કરી શકતો : બીલ વગર ડુપ્લીકેટ સ્પેરપાર્ટ્સ પણ પધરાવી દેવાય છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં ઓટો સ્પેરપાર્ટ્સનું બજાર સે. ૨૧ અને સે. ૩૦માં આવેલું છે. આ ઉપરાંત સે. ૨૪, સે. ૧૬ અને સે. ૭ ખાતે પણ ઘણા બધા ઓટો પાર્ટ્સ ડીલર્સ તેમજ વેપારીઓની દુકાનો આવેલી છે. લગભગ મોટા ભાગના વેપારીઓ ગ્રાહકોને બીલ વગરનો માલ પધરાવે છે. ગ્રાહક જો બીલ માંગે તો ચબરખી પર લખી ચિઠ્ઠી પકડાવી દેવાય છે. જેના કારણે પાર્ટ્સમાં ખામી હોય ત્યારે ગ્રાહકની હાલત કફોડી બની જાય છે.

શહેરના ઘણા બધા ઓટો પાર્ટ્સની દુકાનો પર વેપારીઓ ટીન નંબર સાથેના પાક્કા વેટબીલ વગર જ બેરોકટોક ધંધો કરી રહ્યાં છે. આ વેપારીઓએ ટીન નંબર લેવાની પ્રોસેસ સુદ્ધા કરેલ નથી. આ કારણે જ્યારે ગ્રાહક કોઈ પાર્ટ્સ ખરીદવા જાય ત્યોર બીલ વગર જ માલ આપવામાં આવે છે. જો ગ્રાહક બીલ માંગે તો એક ચબરખી પર લખીને પકડાવી દેવાય છે. હવે ચબરખીથી ખરીદેલા માલ પર ગ્રાહકને કોઈ જ પ્રકારની વોરંટી કે ગેરંટી મળતી નથી. માલમાં ખામી હોય ત્યારે પાકુ બીલ ન હોવાથી ગ્રાહક ફરિયાદ પણ કરી શકતો નથી અને નાણાં ગુમાવવાનો વારો આવે છે.

વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે બીલ વગર ગ્રાહકને ઓરિજનલ સ્પેર પાર્ટ્સના નામે ભળતા ડુપ્લીકેટ્સ પાર્ટ્સ પણ ગ્રાહકોને ઘણા વેપારીઓ પકડાવી દે છે. વેટ વિભાગ દ્વારા છાશવારે મોટી મોટી જાહેરાતો કરી ગ્રાહકોને જાગૃત થવા નિર્દેશ આપવામાં આવે છે. પરંતુ જ્યારે બે-ત્રણ કે પાંચ દુકાને ફર્યા પછી પણ બીલ સાથે વસ્તુ ન મળે ત્યારે સામાન્ય ગ્રાહક વધુ સમય વેડફવા કરતા વસ્તુ ખરીદી લેવાનું મજબુરીમાં ના છુટકે પસંદ કરે છે. આ કારણે નગરમાં ડુપ્લીકેટ ઓટો સ્પેરપાર્ટ્સનો ધીકતો વેપાર ફુલીફાલી રહ્યો છે અને ગ્રાહકો બેરોકટોક લુંટાઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સચિવાલયની સામે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે સદભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી.

'તારા પપ્પાનું નામ ડુબાડે છે' માતાનાં ઠપકાથી બાઈક ચોરનો આપઘાત

તાજેતરમાં બાઈક ચોરીમાં જેલવાસ ભોગવી આવેલા નરોડાનાં યુવાનનો કરાઈ કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદ નરોડા વિસ્તારમાં રહેતો યુવાન તાજેતરમાં બાઈક ચોરીમાં જેલવાસ ભોગવીને ઘરે ગયો ત્યારે માતાએ ઠપકો આપ્યો કે 'તારા પપ્પાનું નામ ડુબાડે છે.' આ સાંભળીને લાગી આવતા ઘરેથી યુવાન ભાગી ગયો હતો અને રાયપુર નર્મદા કેનાલમાં પડતું મુકી દીધું હતું. આજે સવારે કરાઈ સાયફન કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

મળતી માહીતી મુજબ નરોડામાં રહેતો મયુરસિંહ દિલીપસિંહ જાડેજા તાજેતરમાં બાઈક ચોરીના ગુનામાં પકડાયા બાદ જેલમાંથી છુટયો હતો. તેના પિતા એસઆરપી જવાન છે. ઘરે ગયા બાદ યુવાનને તેની માતાએ ઠપકો આપ્યો કે 'તારા પપ્પાનું નામ ડુબાડે છે.' આ સાંભળીને મયુરસિંગ ઘરમાંથી ૨૬ એપ્રિલે નીકળી ગયો હતો અને રાયપુર નર્મદા કેનાલમા છલાંગ લગાવી દીધી હતી. બે દિવસથી તેની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે સવારે કરાઈ સાયફનમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

સે-૧૫ પાસેથી ૨૪ કારતુસ સાથે રાયફલ ધારક શખ્સ ઝડપાયો

રાજસ્થાનના શંખ જિલ્લાનું બોગસ હથિયાર લાયસન્સ રાખી સિકયુરીટીમાં નોકરી કરતો હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમ સે-૧૫ ફતેપુરા રોડ પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમિયાન એક શખ્સને ૨૪ નંગ કારતુસ અને ૧૨ બોરની રાયફલ સાથે ઝડપી પાડયો હતો. તેની પાસેથી મળેલા હથિયાર લાયસન્સનું ક્રોસ વેરીફીકેશન કરતાં રાજસ્થાનના શંખ જિલ્લામાં જયાંથી લાયસન્સ ઈસ્યુ થયેલુ દેખાડતું હતું તે સ્થળેથી લાયસન્સ ઈસ્યુ કરવામાં જ આવ્યું ન હોવાનું ખુલ્યું છે. તેની સામે આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી સે-૭ પોલીસને સોંપવામાં આવ્યો છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.એસ.આઈ. એ.જી. રાઠોડ તેમની ટીમ સાથે સે-૧૫ ફતેપુરા પાસે વાહન ચેકીંગમાં હતા ત્યારે સિકયુરીટી ગાર્ડના ડ્રેસમાં રાયફલ ભરાવીને ફરતા મુળ યુપીના અને હાલ બોપલ રહેતા અજયપાલ લાખનસિંગ રાજપુતને ૨૪ કારતુસ અને ૧૨ બોરની એક રાયફલ સાથે પકડી પાડયો હતો. તેની પાસેથી હથિયાર લાયસન્સ મળી આવ્યું હતું. રાજસ્થાનના શંખ જિલ્લામાંથી ઈસ્યુ બતાવતા આ હથિયાર લાયસન્સ અંગે ક્રોસ વેરીફીકેશન કરતાં તે સ્થળેથી આવી કોઈ વ્યકિતને હથિયાર ઈસ્યુ જ કરવામાં આવ્યું ન હોવાનું જાણવા મળતા કારતુસ અને રાયફલ કબ્જે લઈ તેની ધરપકડ કરી સે-૭ પોલીસ મથકને આરોપી સોંપી દીધો છે. સઘન પુછપરછ કરતાં શખ્સને તેના મિત્ર નરેન્દ્રએ હથિયારનું લાયસન્સ કઢાવી આપ્યું હોવાનું તે જણાવી રહ્યો છે તેને આધારે પીએસઆઈ એ.કે. ભરવાડે વધુ તપાસ શરુ કરી છે.

લાયસન્સ વગર ધમધમતા ગેસ્ટ હાઉસ પર એએસપીના દરોડા

રણાસણ પાસે ગગન ગેસ્ટહાઉસ અને જેઠીપુરા પાસે પવન ગેસ્ટ હાઉસના સંચાલકો સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક ચિલોડાથી નાના ચિલોડા માર્ગ પર સ્થિત રણાસણ અને જેઠીપુરા પાસેના ગેસ્ટહાઉસો ઉપર ગાંધીનગર એએસપીએ દરોડા પાડયા હતાં. લાયસન્સ વગર ધમધમતા અને રજીસ્ટર મેઈન્ટેઈન ન કરતા આ બંને ગેસ્ટહાઉસના સંચાલકો સામે ડભોડા પોલિસ મથકમાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાએ તેમની ટીમ સાથે લાયસન્સ વગર ધમધમતા ગેસ્ટહાઉસ ઉપર આજે સપાટો બોલાવ્યો હતો. રણાસણ ચોકડી પાસે સ્થિત ગગન પેલેસ ગેસ્ટહાઉસમાં દરોડો પાડી તપાસ કરતાં લાયસન્સ વગર ચાલતી હોવાનું તથા ઓળખના પુરાવા લીધા વિના મુસાફરોને આશરો આપતા હોવાનું ધ્યાને આવતા સંચાલક રાજેશ રતિલાલ ડાભી અને રતિલાલ નાગજી ડાભી સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે તે ઉપરાંત જેઠીપુરા પાટીયા પાસે પવન ગેસ્ટ હાઉસમાં દરોડો પાડી તેના સંચાલક ધનજી ખીમજી પટેલ સામે ગુનો દાખલ કરેલ છે. બંને ગેસ્ટહાઉસના સંચાલકો સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કોલેજીયન કપલો ગેસ્ટહાઉસના રૂમોમાંથી નિકળ્યા

એસએપીએ પાડેલા દરોડા દરમિયાન ગેસ્ટહાઉસમાં લાયસન્સ અને રજીસ્ટરનું ચેકીંગ ચાલી રહ્યું હતું ત્યારે પોલીસની રેડની વાતને લઈ ગેસ્ટહાઉસના રૂમોમાં ભરાયેલા કોલેજીયન કપલો એક પછી એક બહાર નીકળીને ફફડવા લાગ્યા હતાં. જો કે કોઈ દેહ વ્યાપાર ન ચાલતો હોવાથી તે બાબત ધ્યાને લેવામાં આવી ન હતી.

કડી-કચ્છ કોરિડોર વિકસાવાય તો કુદરતી આફત સમયે રાહતકાર્ય ઝડપી કરી શકાય

હાલ કચ્છને જોડતા માત્ર બે જ મુખ્ય માર્ગો : કડીથી વાયા વાછડાદાદા-નાનુ રણ-મેડકબેટ માર્ગ ત્રીજો વિકલ્પ બની શકે : કલોલ-હિંમતનગરને કચ્છ સુધી જોડવામાં ૧૦૦ કિમી ઘટી જાય : રેલવેલાઈન પણ વિકસાવવી જોઈએ

ગાંધીનગર, તા. ૨૮

નેપાળમાં આવેલા ભીષણ ભૂકંપ ફરી એકવાર ડીઝાસ્ટર મેનેજમેન્ટ સીસ્ટમ અંગે વિચારણા કરવા મજબૂર કર્યા છે. કુદરતી આપત્તિ કે માનવ સર્જિત આપત્તિમાં ઝડપી બચાવકાર્ય માટે સૌથી પહેલા સારા મજબૂત માર્ગોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જરૂરી છે. ગુજરાતનું કચ્છ ધરતીકંપ માટે સૌથી સંવેદનશીલ છે. કચ્છને જોડતા માર્ગો વધુ પહોળા અને મજબૂત બનાવવાની સાથે માર્ગોની સંખ્યા વધારવાની તાતી જરૂરીયાત અત્યારના તબક્કે જણાય છે.

કચ્છમાં ૨૦૦૧ની સાલમાં આવેલ ભૂકંપે ભારે તારાજી સર્જી હતી તે ઘટના અવિસ્મરણીય છે. તાજેતરના નેપાળના ભૂકંપે એ યાદો ફરી એકવાર તાજી કરી દીધી છે. નેપાળ બિહાર સાથે રોડ માર્ગે જોડાયેલુ છે. તેવી જ રીતે અન્ય રાજ્યો જેમ કે હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ કે ગોરખાલેન્ડ સાથે જોડાયેલુ હોત તો બચાવ રાહતકાર્ય તેમજ ફસાયેલા લોકોને ઝડપી બહાર કાઢવામાં વધુ મદદરૂપ થઈ શકાયું હોત. આવી જ પરિસ્થિતિ કચ્છની પણ છે, માટે ભવિષ્યમાં ફરી કોઈ આપત્તિ વધુ તારાજી સર્જે તે પહેલા કચ્છને જોડતા માર્ગો અંગે વધુ એકવાર ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

હાલ કચ્છને જોડતા માત્ર બે મુખ્ય માર્ગ છે. એક વાયા માળિયા-મિયાંણા અને બીજો વાયા આડેસર જે ખરેખર અપુરતા ગણી શકાય. વધુ એક માર્ગ વાયા બુબવાણા-વડગામ-વચ્છરાજપુરા-નાના વાછડાદાદા-મોટા વાછડાદાદા-વેરણુદાદા(મેડકબેટ) થઈને કડી-કચ્છ કોરીડોર બનાવાય તો માત્ર ૭૩ કિ.મી.ના માર્ગે આપત્તિ સમયે દોઢ જ કલાકમાં કચ્છ વાગડમાંથી પીડીતોને ઝડપી બહાર લાવી શકાય. આ માર્ગ છત્રાલ-કડી-વિઠલાપુર-ગવાણા-બુબવાણા-વડગામ-ઝીંઝુવાડા-વાછડાદાદા થઈને મેડકબેટ-વેરણુંદાદા સીધો અને ટુંકો માર્ગ બની શકે. આ રૂટ પર રેલવે લાઈન પણ વિકસાવી શકાય જે કચ્છ સાથે કડી-કલોલ અને હિંમતનગરનું અંતર લગભગ ૧૦૦ કિ.મી. જેટલુ ઘટાડી શકે. રોડ અને રેલવેના જોડાણ કરવુ વધુ હિતકારક બની શકે છે. કચ્છના નાના રણમાં નાના વાછડાદાદાથી વેરણુંદાદા સુધી તો જમીન સંપાદનની પણ મુશ્કેલી નડે નહી અને છેક કંડલા સુધીના વાહન વ્યવહારનું તેનો ફાયદો મળી શકે છે. કુદરતી આપત્તિ અણધારી આવે છે તેનાથી બચવા આગોતરૂ આયોજન જ એક માત્ર ઉપાય છે.

પગરખા વિતરણ : ધોમધખતા તાપમાં ગરમી સામે રક્ષણ માટે ઝઝૂમતા ગરીબો અને વંચિતોને પગરખાનું વિતરણ શહેર વસાહત મહામંડળના ઉપક્રમે યોજાયું હતું. શહેરના ઝૂંપડપટ્ટી અને ગ્રામીણ વિસ્તારોમાં પગરખાઓનું વિતરણ કરાયું હતું.

સે-૨ પેન્શનર્સ સમાજે શ્રધ્ધાંજલિ અર્પી

સેકટર-૨ પેન્શનર્સ સમાજ ગાંધીનગરની એપ્રિલ માસની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પેન્શનર્સ સમાજના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. નેપાળ ભૂકંપમાં અકાળે અવસાન પામેલા નાગરિકોની આત્માની શાંતિ માટે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમાજ દ્વારા મે મહિનામાં એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. નેનપુરા-જલારામ બાપાના ધામ, મેલડી માતા, સિધ્ધિ વિનાયક મંદિર, ડાકોર અને ગલતેશ્વરનો પ્રવાસ યોજાશે. પ્રવાસમાં જોડાવા ઈચ્છુક પેન્શનર્સ સમાજના સભ્યોએ રૂ. ૧૦૦ ફી ડી.પી. સંઘાણી, અમીધર જરદોશ, નિરંજન ઓઝા પાસે તા. ૧૦મે સુધી જમા કરાવવા જણાવ્યું છે.

કોલેજના ફર્સ્ટ યરમાં અભ્યાસ કરતી કલોલની યુવતીનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણી યુવતીનો તરતો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ શરૂ કરી હતી. કેનાલ બહારથી એક દુપટ્ટો અને કોલેજનું આઈ કાર્ડ મળી આવતા બહાર આવ્યુ હતુ કે કોલેજના ફર્સ્ટ યરમાં અભ્યાસ કરતી અને કલોલમાં કોઠીવાળી ચાલીમાં રહેતી ૧૯ વર્ષની યુવતીનો મૃતદેહ હતો. પોલીસે તેણીના વાલીવારસને બોલાવી તપાસ કરતાં આ યુવતી શનિવારથી ઘરેથી લાપત્તા હોવાનું ધ્યાને આવ્યું હતું. જો કે યુવતિએ કરેલા આપઘાતનું કારણ હજુ બહાર આવ્યુ નથી. પીએસઆઈ અનિલાબેન બ્રહ્મભટ્ટે અકસ્માત મોતનો ગુનો નોંધીને ગુનાની વધુ તપાસ હાથ ધરી છે.

કલોલમાં ગૌરવ દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં રાજયના સ્થાપના દિન તા. ૧ મે, ની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવનાર છે. આ વખતે રાજયના સ્થાપના દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કલોલ શહેરમાં થનાર છે. કલોલ શહેરીજનો અને તાલુકા વાસીઓ માટે રાજયનો સ્થાપના દિન એક યાદગાર પ્રસંગ બની રહે તેવા સુચારુ આયોજન અર્થે આજરોજ કલોલ પ્રાંત અધિકારી શ્રી પાડલિયાના અધ્યક્ષ સ્થાને એક બેઠક કલોલ પ્રાંત કચેરી ખાતે મળી હતી.

આ બેઠકમાં કલોલ પ્રાંત અધિકારી શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે, રાજયના સ્થાપના દિને જિલ્લા કક્ષાની ઉજવણી કલોલ શહેરમાં કરવામાં આવનાર છે, તે વાત કલોલ તાલુકા વાસીઓ માટે ગૌરવની છે. રાજય સ્થાપના દિન નિમિત્તે કલોલ શહેરમાં તા. ૧ મે, ૨૦૧૫ના રોજ સવારના ૮ કલાકે સ્વચ્છતા અંગેની જાગૃતિ ફેલાય તેવા ઉમદા આશયથી એક રેલી યોજાશે. આ રેલી કલોલ શહેરમાં ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમા થી મહાત્મા ગાંધીની પ્રતિમા સુધી સ્વચ્છતા અંગેના સૂત્રોચ્ચાર કરતી જશે. રેલીમાં અનન્ય વિધાલયના બાળકો, સામાજિક અગ્રણીઓ, વેપારી, અને અન્ય ક્ષેત્રોના મહાનુભાવો સહિત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાશે. તે ઉપરાંત કલોલ હોસ્પિટલ ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય કેમ્પમાં હેલ્થ ચેકઅપ અને ડાયાબિટીસનું ચેક અપ કરવામાં આવશે.

રેલીના સમાપન બાદ કલોલ હાઈવે પર આવેલ કે.આર.સી કેમ્પસના સભાખંડમાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણીના ભવ્યાતિભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તાલુકા મેડીકલ ઓફિસર શ્રી ડૉ. પ્રજાપતિ સ્વચ્છતા જાગૃતિ અભિયાનનું પ્રેરણાત્મક પ્રવચન આપશે. તેમજ કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયા ગુજરાતના વિકાસની હરણફાળ અને મોડેલ સ્ટેટ તરીકે નમુનેદાર કામગીરી અંગેનું પ્રવચન આપશે. તેમજ જિલ્લા કલેકટરશ્રી પણ ખાસ સંબોધન કરશે. ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરી દે તેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવનાર છે. કાર્યક્રમના સમાપનમાં નગરજનોને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવશે.

ગુજરાત સ્થાપના દિન અને તેના અગાઉની રાત્રે પ્રાંત કચેરી, કલોલ નગરપાલિકા, મામલતદાર કચેરી કલોલ તાલુકાની સરકારી ઈમારતો, જાહેર માર્ગો, ખાનગી કોમ્પલેક્ષ, પ્રેટ્રોલ પંપ જેવા જાહેર સ્થળો રોશનીથી ઝગમગી ઉઠશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૦૭

તાપમાન

મહત્તમ : ૪૨.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૧૯ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
જય હો ડેમોકસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :
જય હો ડેમોકસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એવેન્જર્સ ૨ (ઇંગ્લીશ) : ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
મિ.એક્સ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૭.૦૦
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૪૫
કાગઝ કે ફૂલ : ૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

આપની આજ

મેષ : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

કન્યા : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

વૃશ્ચિક : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

કુંભ : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. અશોક રઘુપતિરાવ મોહિતે (ઉ.વ.૫૩) મુ. વાવોલ, શુભમ રેસીડન્સી, ગાંધીનગર
- સ્વ. બબુબેન જીવણભાઇ રબારી (ઉ.વ.૭૫) સેકટર-૧૪, ગોકુલપુરા, તા.જી. ગાંધીનગર